# ડીસાને ગંદકીનું ગ્રહણ : ઠેર ઠેર કચરાના ઢગલા અને ઉભરાતી ગટરો

ડીસા, તા. ૨૪

વિધાનસભાની ચૂંટણીના પડઘમ ગુંજી રહ્યા છે ત્યારે સત્તાધારી પક્ષને હાસિયામાં ધકેલવા માટે વિપક્ષ કોંગ્રેસ અત્યારથી જ



ચક્રવ્યુહ ગોઠવી રહ્યો છે. કોંગ્રેસ સત્તા પર આવશે તો આટલો વિકાસ થશે, ગરીબી દૂર થશે અને પ્રજાના તમામ પ્રશ્નો હલ થશે તેવી દુહાઈ આપવાનું છેલ્લા ઘણા સમયથી ચાલુ થઈ ગયું છે. પરંતુ નવાઈની વાત એ છે કે તાલુકા મથક ડીસા નગરપાલિકામાં કોંગ્રેસ સમર્પિત પ્રમુખનું શાસન શાસન ચાલી રહ્યું છે. જે આરંભથી જ વિવાદોમાં ઘેરાયેલા રહ્યા છે. શહેરમાં ગંદકીની સમસ્યા અને ભંગાર માર્ગોની સિકલ સુધારવા માટે પાલિકાની સભાઓમાં સભ્યો દ્વારા ધમપછાડા કરી નગરપાલિકાને ઢંઢોળવામાં આવે છે. ત્યારે ડગુમગુ થઈ રહેલા વિકાસકામોમાં સહેજ ગતિ આવે છે. જ્યારે ગંદકીની સમસ્યાનો કોઈ ઉકેલ નહીં આવતા રજૂઆત કરીને શહેરના બુદ્ધિજીવી નાગરિકો અને સભ્યો પણ કંટાળ્યા છે.

શહેરમાં અનેક જગ્યાએ ગટરો ઉભરાઈ રહી છે. ઠેર ઠેર કચરાના ઢગલા પડયા છે. માત્ર મુખ્યમાર્ગોની વ્યવસ્થિત સફાઈ કરાય છે. બાકીના વિસ્તારોમાં સફાઈ કર્મીઓ કયારે આવે અને કયારે જાય છે. તેની કોઈ ખબર નથી. કેટલાક લોકોનું કહેવું છે કે સફાઈ કર્મીઓ સવારે આવે છે અને સાવરણાથી કચરો એકઠો કરે છે અને ઢગલો કરી બે-ત્રણ દિવસ પછી સળગાવી દે છે. કચરો ઉપાડતા નથી. જેના કારણે વધુ ગંદકી થાય છે. ગટરો સાફ કરવામાં પણ સરેઆમ બેદરકારી દાખવે છે. જેના કારણે શહેરમાં મોટા ભાગના વિસ્તારોમાં ગંદા પાણીથી ગટરો ઉભરાઈ રહી છે. તો કયાંક એકદમ



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ચોકઅપ થઈ ગઈ છે. જયારે શહેરના ભોપાનગર, રેલ્વે સ્ટેશન, ગવાડી, રાજપુર, લોધાવાસ, શિવનગર, નવાવાસ, લાટી બજાર જેવા શ્રમજીવી વિસ્તારોમાં તો ગટરોની સફાઈ થતી જ ન હોવાનું આ વિસ્તારના લોકો જણાવી રહ્યા છે. શહેરના સફાઈ કર્મીઓ પર કોઈ અંકુશ જ નહોય તેમ વર્તી રહ્યા છે. કચરો નિયમિત ઉપાડતા ન હોવાથી મોટા ઢગલા બની જાય છે. નગરપાલિકાના સફાઈ શાખાના અધિકારી પાટલાવાળાથી માંડી સફાઈ કર્મી સુધીનું કામકાજ પોલમપોલ ચાલી રહ્યું છે. ત્યારે આગામી વિધાન સભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ સમર્થિત ડીસા પાલિકાના સત્તાધીશોની બેદરકારી અને લાપરવાહીનો આક્રોશ લોકો મતપેટીમાં પ્રગટ કરશે તો જવાબદારી કોની ?



## પેટ્રોલમાં કમ્મર તોડ ભાવ વધારાનો વિરોધ : પાલનપુરમાં ચક્કાજામ

કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી વારંવાર પેટ્રોલમાં ભાવવધારો થઈ રહ્યો છે. ગઈ કાલે એક સાથે રૂ. ૭.૫૦ પૈસાનો કમ્મર તોડ ભાવ વધારો દેશવાસીઓ ઉપર ઝીંકી દેતા આમ જનતાનો કચ્ચરઘાણ નીકળી જશે..!! મોંઘવારીમાં સબડતી આમ જનતા પર નખાયેલા પેટ્રોલના ભાવ વધારાનો બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે શહેર યુવા ભાજપે સખત વિરોધ કર્યો છે. આજે શહેર યુવા ભાજપે સવારે ભારે ચક્કાજામ કરી કેન્દ્રની યુપીએની કોંગ્રેસ સરકાર વિરુધ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર અને ભાવવધારો પરત લેવા દેખાવો કર્યા હતા. મુખ્ય હાઈવે પર યુવા ભાજપના ચક્કા જામથી સીટી પો.ઈન્સ્પેકટર ડી.કે. ભોઈએ જિલ્લા કાર્યકરોની અટકાયત કરી હતી તથા વાહન વ્યવહાર મહામુસીબતે ચાલુ કરાવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સાબરકાંઠા જિલ્લાનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૯.૦૧ ટકા આવ્યું

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૭૯.૦૧ ટકા આવ્યું છે. જેમાં એ-૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧ રહી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૨માં લેવાયેલી સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજ રોજ બોર્ડની વેબસાઈડ પર પરિણામ જાહેર થતા સાબરકાંઠા જિલ્લાનું પરિણામ ગઈસાલ કરતા ૨૨ ટકા ઉંચુ આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં કાવા કેન્દ્રનું સૌથી વધારે ૯૯.૯૧ ટકા પરિણામ આવ્યું છે. જિલ્લાનું પરિણામ ૭૯.૦૧ ટકા રહ્યું હતું. જેમાં એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧, એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૫૨૨, બી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૮૦, બી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૫૭૨૭, સી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫૭૩, સી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૬૨ અને ડી. ગ્રેડ મેળવનારની સંખ્યા ૧૦૪૪ રહી હતી.

# ગેસના ભાવ વધારા અને પડતર પ્રશ્નો અંગે રિક્ષાચાલકો બંધ પાડી આવેદન પત્ર આપશે

ગાંધીનગર, તા. ૨૪

સી.એન.જી. ગેસના ભાવ વધારા તેમજ રિક્ષાચાલકોના પડતર પ્રશ્નોના વિરોધમાં સાબરકાંઠા જિલ્લા ઓટો રિક્ષા એસોસીએશન દ્વારા તા. ૨૮ને સોમવારે હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી એક દિવસ માટે રિક્ષાઓ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. સોમવારે રિક્ષા ચાલકો પોતાની રિક્ષાઓ બંધ રાખી ૨૪ કલાકના બંધમાં જોડાશે.

સાબરકાંઠા જિલ્લાના ઓટો રિક્ષા એસોસીએશનના પ્રમુખ મનુભાઈ પી. રાજપુતે એક યાદીમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા સમયથી સી.એન.જી. ગેસમાં થઈ રહેલા ભાવ વધારાએ ઓટો રિક્ષાચાલકોની ગરીબીમાં વધારો કર્યો છે. ઉપરાંત એસોસીએશન દ્વારા છેલ્લા ઘણા સમયથી હિંમતનગરમાં નવીન ઓટો રિક્ષા સ્ટેન્ડની માગણીઓ કરવા છતાં આજદિન સુધી આ માંગણીઓ સંદર્ભે સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી.

એસોસીએશનના અગ્રણીએ આવા પડતર પ્રશ્નોના નિરાકરણ અને ગેસના ભાવ વધારા સામે વિરોધ દર્શાવવા તા. ૨૮ મે ના સોમવારે ૨૪ કલાક સુધી તમામ ઓટો રિક્ષાઓ બંધ રાખવાનો નિર્ણય કરાયો હોવાનું જણાવ્યું હતું અને તે દિવસે તમામ ઓટો રિક્ષાચાલકો પોતાની રિક્ષા બંધ રાખી જિલ્લા કલેક્ટર કચેરીએ જઈ આવેદનપત્ર આપશે.

# સ્માર્ટ કાર્ડ માટે ખોટા દસ્તાવેજો બનાવી આપનાર શખ્સ ઝડપાયો

પાલનપુર, તા. ૨૪

પડોશી રાજય રાજસ્થાનના બુંદી આર.ટી.ઓ. કચેરીના ખોટા દસ્તાવેજો રજૂ કરી સ્માર્ટ કાર્ડ લેવાની પેરવી કરનારા પાલનપુર આર.ટી.ઓ. ઓફિસની ચકાસણી દરમિયાન પાંચ શખ્સો અગાઉ ઝડપાયા હતા તે પૈકીનો આ દસ્તાવેજો નકલી બનાવનાર માસ્ટર માઈન્ડ પાલનપુરનો ઈમ્તીયાઝ શેખને શહેર પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેર પી.આઈ. ડી.કે. ભોઈએ જણાવ્યું હતું કે પાલનપુરના રેલવે સ્ટેશન પરની મસ્જીદ પાસે રહેતા ઈમ્તીયાઝ મહેબૂબ શેખની મદદથી દાંતા તાલુકાના જશવંતગઢના મોહમંદ મેમા પરસાણી, ઈમરાન આદમ ભોરાણી, ઈસ્માઈલ મીયા રાજવરા, રહીમ સિપાઈ અને હારૂન ગુલામનબી મુખી એ ગત ૨૮ જૂલાઈ ૨૦૧૧ અગાઉ ગુજરાતનું ડ્રાઈવીંગ લાયસન્સ (સ્માર્ટ કાર્ડ) મેળવવા પાલનપુર આર.ટી.ઓ.માં દસ્તાવેજો રજૂ કર્યા હતા પરંતુ અધિકારીને ચકાસણી કરતા શંકા જતા તેઓ એ બુંદી (રાજસ્થાન) પહોંચી ત્યાં તપાસ કરી હતી અને ત્યાંથી જાણવા મળ્યું હતું કે આ કાગળ અહીંથી અપાયા નથી જેથી તેઓએ પાલનપુર સીટી પોલીસ સ્ટેશને આર.ટી.ઓ.ના હેડકલાર્ક આર.સી. પટેલ દ્વારા ફરિયાદ નોંધાવી હતી પોલીસે તપાસ શરૂ કરી પાંચ શખ્સોને ઝડપી પાડયા હતા અને આ કેસના માસ્ટર માઈન્ડ ઈમ્તીયાઝ શેખને પોલીસે ગઈકાલે ઝડપી પાડયો હતો અને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

## નામ-અટક બદલેલ છે

મારા પુત્રનું હુલામણું નામ ધૈર્યુ શિરીષ વર્મા હતું તે બદલીને રાજવીરસિંહ શિરીષ સિન્હાલ રાખેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

સરનામું
**શિરીષ ડી. વર્મા**
પ્લોટ નં. ૨૧૫/૧,
સેક્ટર-૩બી, ગાંધીનગર

## Change of Name

Old Name : Bibha Sinha
New Name : Wibha Sinha
Read my wife name as Wibha Sinha instead of Bibha Sinha
**Address**
W/o Shailendrakumar Singh
Qr No. 621/1, Sector-13A,
Gandhinagar, Ahmedabad,
Gujarat - 382016
M. 9175126533

## પાલનપુર એસ.ટી. સ્ટેન્ડ પાસે નવજાત મૃત બાળક મળી આવતા ચકચાર

સમાજમાં ચોંકાવનારી અને શરમજનક ઘટનાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે નવજાત મૃત બાળક મળેલાનો એક શરમજનક અને ધણાસ્પદ બનાવ પાલનપુર શહેર પોલીસ દફતરે નોંધાયો છે. પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. ભોઈએ જણાવ્યું છેકે, શહેરના સેન્ટ્રલ બસસ્ટેશન પાછળ રાહત ચેમ્બરની ગલી સામે રાખેલી કચરાપેટીમાં સવારે એક તાજુ જન્મેલુ માનવ ભ્રૂણ મળી આવ્યું હતું. જે અંગે સી.ટી. પોલીસ સ્ટેશને સોમચંદભાઈ મંગળદાસ દવે-તલાટીએ જાણ કરી હતી. પોલીસે કોઈ અજાણી સ્ત્રી વિરૂદ્ધ ગુનો નોંધી આ અપકૃત્ય કરી નાસી છૂટેલ સ્ત્રી અંગે તપાસ હાથ ધરી છે.

## ડીસામાં પરિણીતાને માર મારી તગેડી મુકાઈ

ડીસા, તા. ૨૪

ડીસા શહેરની ભૂમિ સોસાયટીમાં રહેતા ઠક્કર પરિવારની દીકરીને તેના સાસરીયાએ માર મારી રૂ. ૧ લાખ તથા દાગીનાની માગણી કરી ઘરેથી તગેડી મુકાઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત ડીસા શહેરની ભૂમિ સોસાયટીમાં રહેતા કિર્તિભાઈ ઠક્કરની દીકરી રેખાબેનના લગ્ન તા. ૧૨-૨-૨૦૧૨ના રોજ સમાજના રીત રિવાજ મુજબ લાટી બજારમાં રહેતા રાકેશ નવિનભાઈ ઠક્કર સાથે થયા હતા. લગ્નના ટુંકાગાળામાં જ યુવતિની સાસુ અને નણંદે રાકેશને ચડાવી એકબીજાની મદદગારીથી રેખાબેન પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. જેમાં તા. ૧૯-૫-૨૦૧૨ના રોજ પણ તમામ શખ્સોએ ભેગા મળી રેખાબેનને પેટના ભાગે ગડદાપાટુનો માર માર્યો હતો તેમજ રૂ. ૧ લાખ તથા દાગીનાની માંગણી કરી ઘરમાંથી કાઢી મુકી હતી. આ બાબતે રેખાબેન પોતાના પતિ રાકેશ નવિનભાઈ ઠક્કર, નિતાબેન નવિનભાઈ ઠક્કર, ગોપાલભાઈ નવિનભાઈ ઠક્કર, ઉર્વશી નવિનભાઈ ઠક્કર અને પુજા નવિનભાઈ ઠક્કર વિરૂદ્ધ શહેર પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસે ઈપીકો કલમ ૩૨૩, ૪૯૮(ક) અને દહેજ પ્રતિબંધના ધારા મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બાયડ તાલુકાનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૫૪.૫૭ ટકા પરિણામ

## બાયડ સેન્ટર પર સારસ્વત હાઈસ્કુલના ત્રણ વિદ્યાર્થીઓએ બાજી મારી

બાયડ, તા.૨૪

ધો.૧૨ સમાન્ય પ્રવાહ નુ સાબરકાંઠા જીલ્લાનુ સરેરાશ ૭૯.૦૧ ટકા પરિણામ આવ્યુ છે. તેની સરખામણીએ બાયડ ની સારસ્વત હાઈસ્કુલ એન.એચ.શાહ હાઈસ્કુલ ચોઈલા હાઈસકુલ વાસણીરેલ અને બોરોલ હાઈસ્કુલ નુ સારૂ પરીણામ આવતા શાળા કેમ્પસ માં આનંદ છવાયો છે.

આજે ધો.૧૨ સામાન્ય પ્રવાહ નુ સવારે ૯ વાગે ઈન્ટરનેટ દ્વારા વેબસાઈટ ઉપર અને એસ.એમ.એસ.થી જાણી શકાતુ હતુ ત્યારે આજે પરિણામ જાહેર થતાં ની સાથે જ કભી ખુશી ....કભી ગમ .....જેવો માહોલ સર્જાયો હતો જેમાં બાયડ ની સારસ્વત હાઈસ્કુલ ની મીરઝાં સાઈના બાનુ ઈમ્તીયાજ મીયા ૮૭.૭૧ ટકા સાથે બાયડ સેન્ટર પર પ્રથમ રહી હતી જયારે આજ શાળાનો વિદ્યાર્થી મીરજાં આકીબ જાકીરમીયાં ૮૬.૨૮ ટકા સાથે સેન્ટર માં બીજા ક્રમે રહી હતી જયારે ત્રીજા ક્રમે પણ બાયડ ની સારસ્વત હાઈસ્કુલ ની પઢીયાર પાયલબેન ૮૦ ટકા સાથે અગ્રેસર રહી હતી જયારે સારસ્વત હાઈસ્કુલ ના એક સાથે ત્રણ ત્રણ વિદ્યાર્થી ઓ સેન્ટર ફસ્ટ આવવવા બદલ શાળા ના મે.ટ્રસ્ટી દશુબેગ મીરઝાં આચાર્ય એ.કે.બલોચ તથા કે.ડાયરેકટર નરેદ્રભાઈ પટેલ આ ગૌરવવંતી સીધ્ધી હાસલ કરવા બદલ ત્રણેય વીદ્યાર્થીઓ ને અભીનંદન પાઠવ્યા હતા તેમજ શાળાના વિષય શીક્ષકો માં આરીફભાઈ મીરઝાં, રઝાકભાઈ મન્સુરી, નટુભાઈ પરમાર, મહેશભાઈ તેમજ આદમભાઈ મન્સુરી અને ગરીશભાઈ પટેલ ને પણ આ સર્વોચ્ચ પરિણામ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જયારે બાયડની એન. એચ. શાહ હાઈસ્કુલ માંથી ૭૮ ટકા સાથે પ્રથમ નંબરે ચૌધરી કશીશ જશુભાઈ બીજા નંબરે વાળંદ આરતી મહેશભાઈ ૭૭ ટકા તેમજ ત્રીજા નંબરે સોલકી પ્રકાશભાઈ ૭૬ ટકા સાથે ઉર્તીણ થયાહતા જે બદલ કેળવણી મંડળના પ્રમુખ મોતીભાઈ સહમંત્રી કનુભાઈ આચાર્ય ઉન્મેશભાઈ તેમજ સુપરવાઈઝર વીએમ.પટેલે અભીનંદન પાઠવ્યા હતા તો ભોઈલા હાઈસ્કુલ નુ સમગ્ર સ્કુલ નુ ૯૦ ટકા જેટલુ વિક્રમી પરિણામ આવ્યુ હતુ જેમાં પ્રથમ નંબરે જાગૃતીબહેન ૭૬.૫૭ ટકા તેમજ બીજા નંબરે સોલંકી ઝયાતસનાબેન ૭૫.૧૪ટકા ત્રીજા નંબરે સોલંકી અમીત ૭૪.૮૫ ટકા લાવવા બદલ શાળાના આચાર્ય વસંતભાઈ પટેલે અભીનંદન પાઠવ્યાહતા તો બોરોલ હાઈસ્કુલ માં પ્રથમ નંબરે ઓડ પાયલબેન ૭૫.૭૧ ટકા ચોહાણ રણજીત ૭૨.૮૬ ટકા ત્રીજા નંબરે ૭૨.૫૭ ટકા લાવાવ બદલ શાળાના ાઅચાર્ય નટુભાઈ પટેલે અભીનંદન પાઠવ્યા હતા.

# બાયડ તાલુકામાંથી બીયરના ટીન ભરેલી ટવેરા ઝડપાઈ



બાયડ, તા.૨૪

સાબરકાંઠા જીલ્લામાં જયારથી નવા જીલ્લા પોલીસ અધિકારી ચીરાગ કોરડીયા એ ચાર્જ સંભાળયો છે ત્યારથી જીલ્લામાં હાલ દારૂની બદી ઓછી થવા પામી છે અને દિન પ્રતીદીન જીલ્લા પોલીસ વડા દ્વારા દારૂ પકડી ને ગુનેરગારે ને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવેછે તે જોતાં રીતસૂર હાલમાં બુટલેગરો ભુર્ગભ માં ઉતરી ગયા હોય તેવુ દેખાઈ રહયુ છે ત્યારે ગઈ કાલે રાત્રે બાયડ સી.પી.આઈ કુંપાવત સે.પી.એસ.આઈ ઝાલા રાઈટર વીજયસીહઅને મહેન્દ્રસીંહે બાત મી ના આધારે નાકાબંધી કરી વાહનોની ચકાસણી કરવાનુ શરૂ કર્યુ હતુ ત્યારે રાત્રે ૧.૩૦ વાગ્યા ના સુમારે બાતમી આધારીત ગાડી ને રોકવાનો પ્રયાસ કરતાં ગાડી નો ચાલક નાસી છુટવામાં સફળ રહયો હતો ત્યારે બાયડ સી.પી.આઈ અને તેમની ટીમે ખાનગી ગાડી લઈ ૯ કી.મી. જેટલો પીછો કરી ગાડી ને પકડી પાડવામાં સફળતા મેળવી હતી જેમાં આ બીયર ની હેરાફેરી કરવા બદલ સાઠંબા ગામના વતની રાજેન્દ્રસીહ જેઠસીંહ સોલંકી ની ધરપકડ કરવામાં આવી હતી ત્યારે આ ગાડીમાંથી હેવોર્ડ ૫૦૦૦ નામની કંપની ની કુલ ૨૧૨ નંગ ટીન મળી આવ્યા હતા જેની અંદાજીત કિંમત ૨૧૨૦૦ રૂ થવાજાય છે અને ૩લાખ ની ટ્રાવેરા ગાડી સહીત કુલ ૩ લાખ ૨૧હજાર નો મુદ્રમાલ જપ્ત કર્યો હતો સે.પી.આઈ ઝાલા ની ફરીયાદના આધારે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝેરી જનાવર કરડવાથી ખેડૂતનું મોત

તલોદ, તા. ૨૪

તલોદ તાલુકાના બડોદરા ગામના ખેત સિમાડામાં સર્પ જેવું કંઈક ઝેરી જનાવરના કરડવાથી એક શ્રમજીવી ખેડૂત કાળનો કોળીયો બની જતા ક્ષત્રીય સમાજે આંચકો અનુભવ્યો છે.

આ દુઃખદ ઘટનાની વિગત એવી છે કે બડોદરા ગામના ખેડૂત રજુસિંહ જવાનસિંહ ઝાલા ઉં.વ. ૪૫ પોતાના બાજરીના ખેતરમાં રાત્રે ૧૦ વાગ્યાના સમયે પાણી વાળવાની કામગીરીમાં વ્યસ્ત હતા ત્યારે અચાનક જ યમદૂત બનીને જાણે કે આવી ચડેલા કોઈ ઝેરી કાળોતરાએ રજુસિંહને ડંખ દીધો હતો. આમ થતા તેઓ હબક ખાઈ ગયા હતા. ઝેરી જનાવરના આકસ્મિક આમ થયેલા હુમલામાં ઘવાયેલા રજુસિંહને કણસતી હાલતમાં તલોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાએ બડોદરા પંથકમાં હાચકારાની લાગણી પેદા કરી છે. અને ખેડતો તથા શ્રમજીવીઓમાં સહેજભાવે દહેશતનો માહોલ પેદા કર્યો છે.

## પાલનપુર-અમદાવાદ હાઈવે પર છાપી પંથકના પીરોજપુરાથી દારૂ પકડાયો

પાલનપુર-અમદાવાદ હાઈવે પર છાપી પંથકના પીરોજપુરા (રા)ની સીમમાં આવેલી એક ઓરડીમાં વિદેશી દારૂની પેટીઓ ઉતરી છે. તેવી ચોકકસ બાતમીના આધારે જિલ્લા પોલીસ વડા અશોક યાદવના માર્ગદર્શન હેઠળ પોલીસે દરોડો પાડી ઉપરોકત સ્થળેથી રૂ. ૧૧ લાખથી વધુનો જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો અને ત્યાંથી એક મોબાઈલ અને દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો.

## જાહેર નોટીસ

ગાંધીનગરના સાતમા એડીશન સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં
ક્રિ.પ.અ.નં. ૨૫૯/૨૦૧૨

**અરજદાર તરફે વકીલશ્રી ભરત કે. સુથાર**

**અરજદાર** : પટેલ સુભદ્રાબેન કનુભાઈ
રહે. ૨૯, ન્યુ અખંડ આનંદનગર કો.ઓ.હા.સો.લી.,
ગોમી અન્નક્ષેત્રની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ

**વિરૂદ્ધ**

**સામાવાળા** : તલાટી કમ મંત્રીશ્રી, સરઢવ, તા.જી. ગાંધીનગર

**બાબત** : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મનો આદેશ મેળવવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અજરદારે તેમના પુત્ર પટેલ વાસુદેવ કનુભાઈનો ગઈ તા. ૧૪-૧૨-૧૯૭૧ના રોજ મુ. સરઢવ, તા.જી. ગાંધીનગર ખાતે ઘરે જન્મ થયેલ છે. જે લગત જન્મનો આદેશાત્મક હુકમ મેળવવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તેથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે વારસોને પટેલ વાસુદેવ કનુભાઈના જન્મના આદેશાત્મક હુકમ માટે વાંધો તકરાર હોય તો સદર કામે મુદત તા. ૭-૬-૨૦૧૨ના રોજ ૧૧.૦૦ વાગ્યે કોર્ટમાં હાજર થઈ જાતે અગર તો વકીલશ્રી મારફત પુરાવા સહિત વાંધા આપવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામ. કોર્ટ આગળની કાર્યવાહી કરશે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

આજ તા. ૨૪-૫-૨૦૧૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર :** (જયેશ એમ. પરમાર) આસીસ્ટન્ટ
**મુકાબલ કરનાર :** (કીરીટ સોલંકી) આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

**હુકમથી**
રજીસ્ટ્રાર
ચીફ જ્યુ. મેજી. કોર્ટ
ગાંધીનગર

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD — Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન